# શિક્ષકો તૈયાર કરવામાં સરકાર બેજવાબદાર

ભારતમાં બી.એડ., પી.ટી.સી., બી.પી.એડ. વગેરે શિક્ષક તૈયાર કરતી કોલેજોને માન્યતા આપવાનું કામ એન.સી.ટી.ઈ. કરે છે. એન.સી.ટી.ઈ.ની તા.૧૫-૧૬ ફેબ્રુઆરીએ મળેલી ૨૮૮મી મિટિંગમાં ગુજરાતની સરકારી અનુદાન મેળવીને ચાલતી ચાર બી.એડ.કોલેજોને શો કોઝ નોટીસ આપી છે. નોટીસ આપવા પાછળનું મુખ્ય કારણ આ કોલેજોમાં પૂરતો શૈક્ષણિક સ્ટાફ એટલે કે અધ્યાપકો નથી. નોટીસમાં એવું જણાવવામાં આવ્યું છે કે, ગુણવત્તા જાળવવા માટે તમારી કોલેજમાં પૂરતો સ્ટાફ નથી, જો એકમાસમાં જરૂરી સ્ટાફની ભરતી નહિ કરો તો આગામી જૂન-૨૦૧૮થી તમારી કોલેજની માન્યતા પાછી ખેંચી લેવામાં આવશે. આ ઘટના પાછળ સરકાર, શિક્ષણ વિભાગ અને ખાસ તો ઉચ્ચશિક્ષણ કચેરી પૂરેપૂરા જવાબદાર છે.

આજે ગુજરાતમાં સરકારની ગ્રાન્ટથી ૪૦ જેટલી બી.એડ. કોલેજો ચાલે છે. જેમાં ફીનું ધોરણ ખૂબ જ ઓછું છે. જેથી ગરીબ, મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ સરળતાથી શિક્ષક બનવા માટે જોડાઈ શકે. એટલું જ નહિ આજે ગુજરાતમાં બસો કરતા વધુ સેલ્ફ ફાયનાન્સ કોલેજો ચાલે છે. પણ આ સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાંથી મોટા ભાગની કોલેજો  સારા શિક્ષકો તૈયાર કરવા માટે નહિ પણ પૈસા કમાવા માટે ચાલે છે. ગુજરાતમાં આજે જે થોડા ઘણાં સારા શિક્ષકો તૈયાર થઇ રહ્યા છે તેનો શ્રેય જો આપવો જ હોય તો સરકારી સહાય લેતી ગ્રાન્ટેડ કોલેજોને જ આપવો રહ્યો. જ્યાં શિક્ષકોને સારામાં સારી પૂરેપૂરી યોગ્ય રીતે તાલીમ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં નિયમિતતાનો આગ્રહ રાખીને તમામ પ્રકારની તાલીમ ગુણવત્તાયુક્ત આપવાનો દિલથી પ્રયત્ન થાય છે. પરંતુ કોલેજોમાં ભલે પૂરેપૂરી નિષ્ઠા હોય, ગુણવત્તા જાળવવી હોય પણ આપણી ઉચ્ચશિક્ષણ કચેરી અને સરકારની કામ કરવાની એવી નીતિ છે કે કોલેજોના લાખ પ્રયત્ન હોવા છતાં અત્યારે ગુણવત્તાયુક્ત શિક્ષકો તૈયાર કરી શકતા નથી. ભવિષ્યમાં ગુણવત્તા વિહીન શિક્ષકો જોવા મળે, શિક્ષકો યોગ્ય રીતે વર્ગખંડમાં કામ ન કરે તો તેનો દોષનો ટોપલો જો આપવો જ હોય તો છેલ્લા દસ વર્ષના ઉચ્ચશિક્ષણ કમિશનરો અને આજની સરકારને આપજો.

એન.સી.ટી.ઈ. સ્પષ્ટપણે માને છે , આગ્રહ રાખે છે અને લખીને જણાવે છે કે, શિક્ષણમાં ગુણવત્તા જાળવવા માટે દરેક કોલજમાં એક યુનિટ દીઠ એક આચાર્ય અને સાત અધ્યાપકો હોવા જ જોઈએ. પણ આજે ગુજરાતની એક પણ કોલેજમાં આ રીતે પૂરતો સ્ટાફ નથી. અત્યારે ગુજરાતની ચાર કોલેજોને નોટીસ અપાઈ છે, પણ ગુજરાત સરકાર હજુ પણ પોતાના વર્તનમાં પરિવર્તન નહિ લાવે તો બધી જ ૪૦ કોલેજોને પણ નોટીસ આવશે જ. એન.સી.ટી.ઈ.એ જે ચાર કોલેજોને નોટીસ આપી છે તે કોલેજોમાં આચાર્ય સાથે આઠ અધ્યાપક જોઈએ તેના બદલે ચાર કે પાંચનો જ સ્ટાફ છે. એન.સી.ટી.ઈ.ના ધ્યાનમાં હજુ એ નથી આવ્યું કે, ગુજરાતમાં સરકારી ગ્રાન્ટેડ એવી પણ કોલેજ છે કે જ્યાં માત્ર એકલા આચાર્ય જ

છે, એકપણ અધ્યાપક નથી. તો એવીપણ ઘણી કોલેજો છે કે જ્યાં માત્ર બે-ચાર જ અધ્યાપકો જ છે. આજે ગુજરાતની ૪૦ જેટલી ગ્રાન્ટેડ બી.એડ. કોલેજોમાં ૧૦૦ જેટલા અધ્યાપકોની જગ્યા ખાલી છે. સરેરાશ બે અધ્યાપકો દરેક કોલજમાં નથી. સમાજ વિચારે કે, આપણી સરકાર કેવા શિક્ષકો તૈયાર કરાવે છે. એટલું તો વિચારો કે જે કોલેજમાં જે વિષયના અધ્યાપક ના હોય તે વિષયમાં કોઈ જ તાલીમ આપતું નથી. તો આવા વિષય સાથે શિક્ષક બનનાર વર્ગખંડમાં શું અને કેવી રીતે ભણાવશે ? શું આ સરકાર ભવિષ્યમાં આવા જ શિક્ષકો સમાજને આપવા માંગે છે ? આ બાબત સાબિત કરે છે કે, સરકારમાં ગુણવત્તા માટેની નિષ્ઠાનો અભાવ છે. કરોડોના ખર્ચે વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવાથી સસ્તી લોકપ્રિયતા મળશે, પણ ગુણવત્તા માટેની નિષ્ઠાનું શું? હકીકતમાં શિક્ષણમાં ગુણવત્તા વધારીને લોકપ્રિયતા મેળવવી જોઈએ. જો એન.સી.ટી.ઈ. ગુણવત્તાનો આગ્રહ ના રાખે તો આપણી સરકાર કદાચ કોલેજોમાં એકપણ અધ્યાપક કે આચાર્ય વગર ચલાવી બતાવે. કારણકે આ સરકાર ભાજપની સરકાર છે. જે બધું જ કરી શકે. સિવાય કે ગુણવત્તા.

એવું પણ નથી કે, આ પરિસ્થિતિ રાતોરાત ઊભી થઇ છે. સરકાર અને ઉચ્ચશિક્ષણ કમિશનરની કચેરી આ જાણે જ છે. દર વર્ષે એકવાર નહિ પણ એકથી વધુ વાર અધ્યાપકોનો વર્કલોડ મંગાવે છે. આચાર્યોને હૈયાધારણ આપે છે. કે જગ્યા ભરીશું. પરંતુ કેટલીક કોલેજોમાં તો છેલ્લા ૧૦-૧૨ વર્ષથી એકપણ અધ્યાપકની ભરતી કરી નથી. કોલેજ ચલાવતા ટ્રસ્ટ અને સંચાલકો સરકારની આ નીતિથી થાકી ગયા છે. સારા મંડળો આર્થિક રીતે દેવાદાર બનતા જાય છે. કારણ માત્ર સરકારની નીતિ. આવું જ ચાલશે તો આવતા વર્ષોમાં ગુજરાતમાં એક પણ ગ્રાન્ટેડ બી.એડ. કોલેજ નહિ હોય. દરેક વિદ્યાર્થીએ ઊંચી ફી ભરીને સેલ્ફફાયનાન્સ કોલેજમાં જ પ્રવેશ લેવો પડશે. જ્યાં  તાલીમ તો અપાતી નથી. માત્ર પૈસાનો જ ધંધો ચાલે છે. તો આજની સરકાર આવી પરિસ્થિતિ પેદા કરવા માંગે છે? હા, આપણા શિક્ષણમંત્રીએ ઉચ્ચશિક્ષણ કમિશનરને અધ્યાપકોની ભરતી કરવા માટે સૂચના આપેલી. પણ તેનો અમલ થયો નથી. તેનો અર્થ એવો થાય કે, ઉચ્ચશિક્ષણ ક્મીશ્ન શિક્ષણમંત્રીની સૂચનાનું પાલન કરતા નથી, તો બીજી બાજુ આપણા શિક્ષણમંત્રી પોતે આપેલી સૂચનાનું પાલન કરાવી શકતા નથી. જેમાં અહિત તો સમાજનું જ થાય છે ને?

એન.સી.ટી.ઈ.એ સરકારી સહાય લેતી ચાર કોલેજોને આપેલી નોટીસ હકીકતમાં તો ગુજરાતની સરકારને ગાલે લાફો માર્યા જેવું કહેવાય. આ સરકાર એવી તો કેવી છે કે જે શિક્ષણની કોલેજમાં અધ્યાપકોની ભરતી છેલ્લા દસ-૧૨ વર્ષથી કરી શકતી નથી. ત્યારે એવું લાગે છે કે, સરકાર ભલે ભાજપની હોય, પણ શિક્ષણ ખાતું કોંગ્રેસને કે કોઈ ખાનગી એજન્સીને આપવું જોઈએ. તો અધ્યાપકોની ભરતી તો કરે. શિક્ષણમાં ગુણવત્તા તો જળવાય.